૭૦

જાતિ પરિવર્તન પામેલા (Transgender) વ્યક્તિઓને "તૃતીય જાતિ" તરીકે દર્શાવવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક:- **SJED/MIS/e-file/17/2022/0006/CHH-1**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા. ૨૫/૦૪/૨૦૨૨

<u>વંચાણે લીધા:-</u>

(૧) નામદાર સુપ્રીમ કોર્ટનો રીટ પીટીશન (સિવિલ) નં. ૬૦૪/૨૦૧૩, નેશનલ લિગલ સર્વિસ ઓથોરિટી વિ. યુનિયન ઓફ ઇન્ડીયા, તા.૧૫/૦૪/૨૦૧૪નો ચુકાદો.

(૨) The Transgender Persons (Protection of Rights) Act, 2019

(૩) સામાન્ય વહીવટ વિભાગનો પત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૨૨/૪૭૬૦૧/ગ-૨, તા.૧૬/૦૩/૨૦૨૨.

<u>આમુખ:</u>

ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના અધિકારોના રક્ષણ તેમજ સામાજિક કલ્યાણ હેતુ ભારત સરકાર દ્વારા The Transgender Persons (Protection of Rights) Act, 2019 અમલી કરેલ છે સદર કાયદામાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ સાથે ભેદભાવ સામે રક્ષણ, ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓની ઓળખ સંબધિત, રોજગારીમાં તેમની સાથે ભેદભાવ ન કરવો વગેરે જોગવાઇ કરવામાં કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ (૧) પરના નામદાર સુપ્રીમ કોર્ટના તા.૧૫/૦૪/૨૦૧૪ના ચુકાદામાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને બંધારણના પાર્ટ-૩માં મળેલ અધિકારો તથા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના કાયદાઓ દ્વારા મળતા અધિકારો સુનિશ્ચિત કરવા માટે તેમનો "તૃતિય જાતિ" તરીકે ઓળખ સ્થાપિત કરવા જણાવેલ છે.

The Transgender Persons (Protection of Rights) Act, 2019ની કલમ-2(k) અંતર્ગત ભારત સરકાર દ્વારા ટ્રાન્સજેન્ડર વ્યક્તિને વ્યાખ્યાયિત કરેલ છે જે મુજબ 'જાતિ પરિવર્તન પામેલા (Transgender) વ્યક્તિઓ' એવી તમામ વ્યક્તિઓ જેમની જાતિ વિશેની તેમની પોતાની સમજ તેમને જન્મ સમયે પ્રાપ્ત થયેલી જાતિથી વિરુધ્ધ હોય જેમાં ટ્રાન્સ-પુરુષ અને ટ્રાન્સ- સ્ત્રીનો સમાવેશ થાય (પછી તેઓએ જાતિ પરિવર્તન સંબંધિત ઓપરેશન કરાવ્યું હોય કે ન હોય, અથવા હોર્મોન ઉપચાર, લેસર થેરાપી અથવા તેના જેવો અન્ય ઉપચાર કરાવ્યો હોય કે ન હોય), મધ્યલિંગી વ્યક્તિઓ તેમજ ફાતડા, કિન્નર, હિઝડા, અરવતી, જોગરા જેવી અનેકવિધ સામાજીક-સાંસ્કૃતિક ઓળખ ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

The Transgender Persons (Protection of Rights) Act, 2019ની જોગવાઇ મુજબ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને મળેલ અધિકારોના રક્ષણ માટે તેમજ તેમને સમાન સામાજિક ન્યાય તથા યોજનાકીય લાભો મળે તે હેતુથી, તે વ્યક્તિઓની "તૃતિય જાતિ" તરીકે અલગ ઓળખ સ્વીકારાય તે માટેની સૂચના આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ ક્રમ (૧) ના નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા તથા વંચાણે લીધેલ ક્રમ (૨) પરના સામાન્ય વહીવટ વિભાગના સૂચનને ધ્યાને લઇ, ગુજરાત રાજ્યમાં જાતિ પરિવર્તન પામેલા (Transgender) વ્યક્તિઓને "તૃતિય જાતિ (Third Gender)" તરીકે દર્શાવવાનું ઠરાવવામાં આવે છે. રાજ્યના તમામ સરકારી દસ્તાવેજો, અરજીપત્રકો, ઓળખપત્રો, યોજનાઓના ફોર્મ, આવેદનપત્રો વગેરેમાં સ્ત્રી, પુરૂષ સાથે તૃતિય જાતિ વિકલ્પનો સમાવેશ કરવાનો રહેશે.

રાજ્ય સરકાર હસ્તકના તમામ વિભાગોએ તેમની હસ્તકના તમામ ખાતઓ તથા કચેરીઓમાં, જિલ્લા/તાલુકા/ગ્રામ્ય સ્તરની કચેરીઓ, નિગમો, બોર્ડ, કંપની, ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ તેમજ ગુજરાત સરકાર હસ્તકની સોસાયટીઓ, અર્ધ સરકારી જિલ્લા/તાલુકા/ગ્રામ્ય સ્તરની કચેરીઓના તમામ દસ્તાવેજો જેમાં જાતિ (Gender) દર્શાવેલ હોય તેવા તમામ ડોક્યુમેન્ટ્સમાં "તૃતિય જાતિ (Third Gender)" દર્શાવવા સંબધિત સુધારો કરવાનો રહેશે.

આ હુકમો વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૧૧/૦૪/૨૦૨૨ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- * માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રી/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રીના અંગત સચિવ/મદદનીશશ્રી, સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લાના કલેકટરશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સેકશન અધિકારીશ્રી, સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ- ૨૦૨૨